ઊંઝાના ડાભી ગામે તલાટીની ગેરહાજરીથી ગ્રામજનોને હાલાકી

વરસાદી સિઝનમાં ગાંધીનગર જિલ્લામાં સર્પદંશના ૩ બનાવ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેર તેમજ જિલ્લામાં વરસાદી માહોલ છવાયો છે. ધીમી ધારે વરસાદે જિલ્લામાં શ્રી ગણેશ કર્યા છે. વરસાદને પગલે જમીનમાંથી સરિસૃપો બહાર નીકળવાનું શરુ થયું છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસમાં સર્પદંશના ૩ બનાવ પ્રકાશમાં આવ્યા છે. વરસાદી સિઝનમાં નાગરીકોએ નિર્ઝન સ્થળે અંધારાના સમયમાં ખાસ તકેદારી રાખીને ચાલવું અનિવાર્ય બનવા પામ્યું છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. ઉનાળામાં જમીનમાં રહીને અકળાયેલા સરિસૃપો વરસાદી પાણી દરમાં જતા તેમજ બહારના વાતાવરણાં ઠંડક પ્રસરતા પોતાના દરમાંથી બહાર આવે છે. ત્યારે વિવિધ પ્રજાતિના સાપ ઘર પાસે રહેલ અગાસી, બાથરુમ કે ઝાડ પર આશ્રય લેતા હોય છે.ખોરાકની શોધામાં નીકળેલા ભુખ્યા સરિસૃપો રાતના સમયે અંધકારમાં કોઈ પણ વ્યકિતનો હાથ પગ અડી જાય ત્યારે સર્પદંશના બનાવો બનતા હોય છે. ગાંધીનગર જિલ્લામાં વરસી રહેલા વરસાદમાં છેલ્લા ૧૫ દિવસમાં ગાંધીનગર, દહેગામ અને માણસા સહિતમાં ત્રણ બનાવ નોંધાવા પામ્યા છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભટેળા ગામમાં હત્યારાના ઘર આંગણે દફનાવેલો મૃતદેહ લોખંડી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દસ દિવસે બહાર કઢાયો હતો.ભટેળા ગામમાં જમીનના ઝગડામાં ખેડુત રમેશભાઈ મંગાભાઈ ફનાતના માથાના ભાગે હત્યારાઓએ કુહાડીના ઘા મારતાં સારવાર દરમ્યાન મોત નિપજતાં મામલો હત્યામાં પરીણમ્યા બાદ ભટેળા ગામમાં ભારેલા અગ્ની જેવી સ્થિતીનું નિર્માણ થયું હતું. રમેશભાઈ ફનાત મૃતકના પરીવારજનોએ મૃતદેહના અગ્ની સંસ્કાર કરવાના બદલે ભટેળા ગામના હત્યારા રણછોડભાઈ સાંજાભાઈ ડામોરના ઘર આગણે મૃતદેહને દફનાવી દેતાં વાતાવરણ ભારે તંગ બન્યું હતું. ભટેળા ગામમાં હત્યાના બનાવ સંદર્ભે વાતાવરણ તંગ બની ગયું હતું. ભટેળા ગામમાં હત્યા પ્રકરણ સંદર્ભે મૃતદેહ હત્યારાના ઘર આગળથી બહાર કઢાવવા માટે મામલતદાર, કલેક્ટર સહિત ઉચ્ચ કક્ષાએ હત્યારાના પત્ની કૈલાશબેન ડામોર, પરીવારજનો સહિત ૫૦ થી વધુ મહિલાઓએ કલેક્ટરને આવેદન પત્ર આપી ઉગ્ર રજુઆતો કરાતાં આજે ભટેળા ગામમાં હત્યારાના ઘર આંગણે દફનાવેલો મૃતદેહ લોખંડી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે દસ દિવસે બહાર કઢાયો હતો.ભટેળા ગામના સ્મશાન પાસે જેસીબી મારફતે ખાડો કરાવી મૃતદેહ દફનાવી દેવાયો હોવાનું જાણવા મળેલ છે.

વોર્ડ નં-૮ની સમસ્યાની રજુઆત કોર્પોરેટરે મનપા કમિશનરને કરી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં-૮ ના વસાહતીઓના પ્રાણ પ્રશ્નોની રજુઆત કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ મનપા કમિશનરને કરી છે. જેમાં સેકટરના બગીચામાં ફીકસ ડસ્ટબીન મુકવા, જુના સચિવાલય થી મીનાબજારનો માર્ગ ગંદકીથી ખદબદે છે. વરસાદની સિઝનમાં રોગચાળો ફાટી ના નીકળે તે માટે જંતુનાશક દવાનો છંટકાવ કરવો સહિતની સમસ્યાનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં-૮ માં સમાવિષ્ઠ સેકટર-૪ના ઓમકારેશ્વર મહાદેવ મંદિર ગ્રાઉન્ડ પરિસરમાં થોડો વરસાદ પડતા જ નાનું તળાવ ભરાઈ જાય છે. આ ગ્રાઉન્ડમાં માટીનું પુરાણ કરાવવું, તેમજ હાલ વરસાદી સિઝનમાં પાણી ભરાયેલ છે ત્યાં તાત્કાલિક યુધ્ધના ધોરણે જંતુનાશક દવા ફીનાઈલ. ડી.ડી.ટી વગેરેનો છંટકાવ કરાવી રોગચાળો અટકાવવો જરુરી છે. જાહેર બગીચામાં ફીકસ ડસ્ટબીન મુકવા માટે અનેકવાર રજુઆત કરી છે છતા તંત્ર દ્વારા મુકવામાં આવ્યા નથી. તે તાત્કાલીક અસરથી મુકવા, જુના સચિવાલય નજીક મીનાબજારથી માધ્યમિક શિક્ષણ બોર્ડ તરફના માર્ગ પર કાદવ કિચડ થયેલ છે.તેમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવો,જયારે કોર્પોરેશનમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત વોર્ડને તેના મતદારની સંખ્યા અને વિસ્તારના પ્રમાણમાં ભારત સરકારની ગ્રાન્ટ ફાળવવામાં આવે તો ગાંધીનગર નંદનવન બની રહે. સ્વચ્છતા મિશનની સિધ્ધિના આધારે સ્માર્ટસીટીની ફરીફાઈમાં ગાંધીનગરની પસંદગી થાય તેવા ઉમદા હેતુંથી ગાંધીનગર વોર્ડ નં-૮ ના કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનરને લેખીત રજુઆત કરી સમસ્યાનો ઝડપી ઉકેલ આવે તેવી માંગ કરી છે.

મોડાસા મહિલા આઈટીઆઈ ખાતે કૌશલ્ય ભારત સપ્તાહ

મોડાસા, તા. ૧૬

કૌશલ્યબદ્ધ યુવાઓની સમાજમાં સ્વીકૃતિ વધેતેમજ વધારેમાં વધારે યુવાઓ કૌશલ્ય દ્વારા રોજગારી, સ્વરોજગારી પ્રાપ્ત કરવા

માટે પ્રોત્સાહિત થાય તે હેતુથી મોડાસા મહિલા આઈટીઆઈમાં કૌશલ્ય ભારત સપ્તાહની ઉજવણી ૧૧ જુલાઈથી ૧૫ જુલાઈ દરમિયાન કરવામાં આવી હતી. મહિલા તાલીમાર્થીનીઓ દ્વારા તૈયાર કરેલ સુંદર નમૂનાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેને ખૂબ મોટી સંખ્યામાં લોકોએ નિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં મહિલા આઈટીઆઈ મોડાસાના પીપીપી પાર્ટનર તથા આઈએમસી ચેરમેન મહેશભાઈ પટેલ, જેસીસ મિલ્ક કમિટીના ચેરમેન નવનીતભાઈ પરીખે ખાસ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને સ્કીલ ડેવલપમેન્ટ અંગે અનુભવ સિદ્ધ માર્ગદર્શન આપ્યુ હતુ. કૌશલ્ય સપ્તાહ અંતર્ગત ક્વીઝ તથા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ તથા તેમાં વિજેતા થયેલ તાલીમાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ખુબ મોટી સંખ્યામાં મહિલાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. મહિલા આઈટીઆઈ મોડાસાના આચાર્ય અવિનાશ પલાસ તથા તેમના સ્ટાફ દ્વારા ખૂબજ સુંદર પ્રયત્ન કરી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સલાલનો યુવાન ઝાડ ઉપરથી પડી જતાં સારવાર દરમ્યાન મોત

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામે રહેતાં રાજુજી સોમાજી પરમાર ઉ.વર્ષ ૪૦ કે જેવો આમોદરા ગામે આવેલ સીમમાં તા.૧૨-૭-૨૦૧૬ મંગળવારના રોજ ઝાડ ઉપર ચડયા હતાં અને ઝાડ ઉપરથી નીચે પડીજતાં તેવોને શરીરે ઈજાઓ થતાં તેમને હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં અને ત્યાંથી વધુ સારવાર અર્થે તા.૧૪-૭-૨૦૧૬ને ગુરૂવારના રોજ અમદાવાદ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં જયાં સારવાર દરમ્યાન તા.૧૬-૭-૨૦૧૬ને શનિવારના રોજ મોત થતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના હાજર તબીબી એમ.જી.ગાંધીએ પ્રાંતિજ પોલીસને જાણ કરતા પ્રાંતિજ પોલીસે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગતિશીલ ગુજરાતનો લક્ષ્યાંક સમય મર્યાદામાં પુર્ણ કરવા કલેક્ટરની તાકીદ

મહેસાણા, તા. ૧૬

મહેસાણા જિલ્લા કલેક્ટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં રાજય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ હેઠળ થયેલ કામગીરીની સમીક્ષા કરાઈ હતી. ગતિશીલ ગુજરાત હેઠળ આપેલ લક્ષ્યાંક અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લામાં સંપુર્ણ સ્વચ્છતા અભિયાન હેઠળ તાલુકા, શહેરો અને ગામોને ઓ.ડી.એફ. કરવા બાબતે ચર્ચા અને સમીક્ષા કરાઈ હતી.

મહેસાણા જિલ્લામાં જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી જોટાણા તાલુકામાં શ્રી રામ સર્વ વિદ્યાલય ખાતે થનાર છે. આ ઉપરાંત તાલુકા કક્ષાની ઉજવણી મહેસાણા તાલુકામાં આંબલિયાસણ કડી તાલુકામાં નાની કડી, બેચરાજી તાલુકાનો કાલરી, સતલાસણા તાલુકાનો ટીમ્બા, ઊંઝા તાલુકાનો મક્તુપુર, ખેરાલુ તાલુકાનો ડભાડ, વિસનગર તાલુકાનો કાંસા, વિજાપુર તાલુકાનો હિરપુરા, વડનગર તાલુકાનો છાબલીયા ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થનાર છે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી વિશિષ્ટ રીતે થાય તે માટે વિવિધ વિભાગોને કામગીરી કરવા સુચનો અપાયા હતા.

આગામી ઓગષ્ટ સપ્ટેમ્બર માસમાં પ્રાન્ત સ્તરે ગરીબ કલ્યાણ મેળાઓ યોજાવાના છે. જેમાં લાભાર્થીઓની યાદી તૈયાર કરવી, કીટ તૈયાર કરવી સહિતની વિવિધ બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી. ગરીબ કલ્યાણ મેળાઓ મહેસાણા પ્રાન્ત કક્ષાનો ઊંઝા એ.પી.એ.સી., વિસનગર પ્રાન્ત કક્ષાનો તમાકુ માર્કેટયાર્ડ વિજાપુર, ખેરાલુ પ્રાન્ત કક્ષાનો આર્ટસ કોલેજ ખેલાલુ અને કડી પ્રાન્ત કક્ષાનો સરદાર પટેલ માર્કેટ કડી ખાતે યોજાવાનો છે. ગરીબ કલ્યાણ મેળાઓ અંગેની તમામ પુર્વ તૈયારી કરવા બાબતે ચર્ચા અને સમીક્ષા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને કરાઈ હતી.

જિલ્લાની સંકલનમાં ધારાસભ્ય ઋષિકેશ પટેલ, નારાયણભાઈ પટેલ, રમેશભાઈ ચાવડાના પ્રશ્નો સાંભળી તેનું નિરાકરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા સંકલનમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરેલ કામગીરીનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

જિલ્લા સંકલનમાં જિલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય માંડલિક, અધિક નિવાસી કલેક્ટર રમેશ મેરજા, આસિસટન્ટ કલેક્ટર અરૂણ મહેશ બાબુ સહિત જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુનાઈ ગામના સમાજ સેવકનું ટુંકી માંદગી બાદ અવસાન

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મુનાઈ ગામના સમાજ સેવક અને સામાજીક કાર્યકર રામજીભાઈ નાથુભાઈ પટેલનું ૮૩ વર્ષની જૈફ વયે તા.૧૫/૭/૨૦૧૬ ના રોજ શુક્વારના રોજ ટુંકી માંદગી બાદ અવસાન થયેલ છે. મુનાઈ ગામમાં સદ્ગતની પાલખી યાત્રામાં રાજકીય આગેવાનો, સેવાભાવી કાર્યકરો, ગ્રામજનો સહિત અનેક લોકો જોડાયા હતા. મુનાઈ ગામના સંત શિરોમણી શ્રીમદ્ નાથુબાપાના સુપુત્ર સ્વ.રામજીભાઈ પટેલ, મુનાઈ ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ, ભિલોડા તાલુકા પંચાયત, સાબરકાંઠા જીલ્લા પંચાયત સદસ્ય, મુનાઈ ગામની દુધ ઉત્પાદક મંડળી લી., સેવા સહકારી મંડળી લી. ચેરમેન, મુનાઈ સર્વોદય કેળવણી મંડળ પ્રમુખ, લોક અધિકાર સંઘ, અર્બુદા સેવા સંઘ પ્રમુખ, ૪૨ ગોળ આંજણા સમાજ, હિતવર્ધક મંડળમાં ટ્રસ્ટી,શ્રીમદ્ નાથુબાપા સ્મૃતિ મંદીર ટ્રસ્ટ, મુનાઈ પ્રમુખ પદે સેવાઓ આપેલ છે. સ્વ.રામજીભાઈ પટેલએ ઉમદા સેવાકીય ધાર્મિક વિવિધ પ્રકારના કાર્યો તેમના જીવનકાળ દરમ્યાન કર્યા હતા.

ઊંઝાના ડાભી ગામે તલાટીની ગેરહાજરીથી ગ્રામજનોને હાલાકી

ઊંઝા, તા. ૧૬

ઊંઝા તાલુકામાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓ ચાલુ નોકરીએ મામલતદાર અને તાલુકા પંચાયત કચેરીમાં સમય પસાર કરતા હોઈ ગ્રામ્ય વિસ્તારની પ્રજાને પંચાયતને લગતા કામકાજમાં મુશ્કેલી પડતી હોવાની ફરીયાદ ઉઠી છે.

ઊંઝા તાલુકાના ડાભી ગામના ઈશ્વરજી કુંવરજી ઠાકોરે મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારી તેમજ તાલુકાના સંબંધિત અધિકારીઓને એક પત્ર પાઠવ્યો છે. જેમાં જણાવ્યું છે કે, ઊંઝા તાલુકામાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓ કામ સિવાય મામલતદાર કચેરી તથા તાલુકા પંચાયત કચેરીમાં ચાલુ નોકરીએ આંટાફેરા મારે છે. જેથી તેઓની ગેરહાજરીમાં ગ્રામ્ય પ્રજાના કામો અટવાય છે. રેશનીંગકાર્ડ કઢાવવા વિગેરે કામોની પાઈલો લઈને આવતા હોય છે. આમ ગ્રામ પંચાયતોમાં તલાટીઓની અનિયમિત હાજરીથી લોકોના કામો અટવાય છે. આ બાબતે છેલ્લા છ માસના સીસીટીવી ફૂટેજ જોવામાં આવે તે જરૂરી છે.

કંપની સમાચાર

ઈન્ડિયન મોટરસાયકલ એ અમદાવાદમાં સંપૂર્ણપણે નવું ઈન્ડિયન સ્કાઉટ સિકસ્ટી લૉંચ કર્યું

ઓફ-રોડ અને ઓલ-ટેરેન વ્હિકલ્સમાં વૈશ્વિક અગ્રણી પોલારિસ ઈન્ડસ્ટ્રીઝ ઈન્કની સંપૂર્ણ માલિકીની પેટાકંપની પોલારિસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ આજે તેની ડિલરશિપ વેસ્ટ ઈન્ડિયા ક્વોડસ એન્ડ બાઈક્સ ખાતે અમદાવાદમાં વિવિધતાસભર સંપૂર્ણપણે નવી ૨૦૧૬ ઈન્ડિયન સ્કાઉટ સિકસ્ટી લૉંચ કરી હતી. સંપૂર્ણપણે નવી ૨૦૧૬ ઈન્ડિયન સ્કાઉટ સિકસ્ટી એ ઈન્ડિયન સ્કાઉટ લાઈન-અપની લેટેસ્ટ એડિશન છે, જે એવોર્ડ વિજેતા ઈન્ડિયન સ્કાઉટના અનેક પાસા ધરાવે છે. ઈન્ડિયન સ્કાઉટ સિકસ્ટી ભારતની શ્રેષ્ઠત્તમ મોટરસાયકલ શ્રેણી ઈન્ડિયન સ્કાઉટની કારીગરી તથા દરેક બાઈક સવારના શોખને પુરા કરવા પરવડે એવી વ્યાજબી કિંમતે ઉપલબ્ધ છે. ઈન્ડિયન સ્કાઉટની કારીગરી, વિશ્વસનિયતા અને ટકાઉક્ષમતા સાથે સંપૂર્ણપણે નવી ૨૦૧૬ ઈન્ડિયન સ્કાઉટ સિકસ્ટી ચેસિસ, સસ્પેન્શન, બ્રેકસ અને એન્જિન ધરાવે છે, જે તમામ નવા ૬૦ ક્યુબિક ઈંચના એન્જિન સાથે ઉપલબ્ધ છે. સરળ, ૫ સ્પીડ ટ્રાન્સમિશનાં અસરકારક શિફ્ટ સાથે ૭૮ હોર્સપાવરનું એન્જિન ૮૮.૮ એનએમ ૫૮૦૦ આરપીએમનો સર્વોચ્ચ ટોર્ક ધરાવે છે.

બાઈકનું અનાવરણ પોલારિસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર પંકજ દુબેએ વેસ્ટ ઈન્ડિયા ક્વોડ્સ એન્ડ બાઈક્સના મેનેજિંગ પાર્ટનર વિક્રમ વી. શાહ અને વેસ્ટ ઈન્ડિયા ક્વોડ્સ એન્ડ બાઈક્સના મેનેજિંગ પાર્ટનર આશિષ ખુરાનાએ કર્યું હતું. આ પ્રસંગે સંપૂર્ણપણે નવી ૨૦૧૬ ઈન્ડિયન સ્કાઉટ સિકસ્ટીના પ્રથમ ગ્રાહક અતિત મહેશ વોરા ઉપસ્થિત હતા.

બળવાનો પ્રયાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવ્યું હતું. કલાકોની અફડાતફડી બાદ પ્રમુખે આ સંદર્ભમાં અનિશ્ચિતતાનો અંત આણીને કહ્યું હતું કે તેઓ બિલકુલ સુરક્ષિત છે. બળવો કરનાર ૬૦૦થી વધુ સૈનિકોએ મોડેથી ઈસ્તાનબુલમાં બોસફોરસ પુલ પર શરણાગતિ સ્વીકારી લીધી હતી. ૭૫૩થી વધુ લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા છે. તુર્કીમાં બનેલા આ બનાવથી વિશ્વના દેશો હચમચી ઉઠ્યા હતા. તુર્કીના વડાપ્રધાને સ્થિતિ બિલકુલ કાબુ હેઠળ હોવાનો આજે દાવો કર્યો છે. નારાજ સૈનિકો દ્વારા બળવાનો પ્રયાસ કરાયો હતો. મોટાભાગે આ સૈનિકો તંત્રથી નાખુશ હતા. ૧૫મી જુલાઈની રાત્રે રક્તપાતનો દોર જારી રહ્યો હતો. ૨૦૦થી વધુ સૈનિકો શરણાગતિ સ્વીકારી ચુક્યા છે. તુર્કીના મોટા શહેરોમાં રક્તપાતનો દોર ચાલ્યો હતો.

બીજી બાજુ તુર્કીના વડાપ્રધાન બિનઅલી યિલદરીમે કહ્યું છે કે ફર્સ્ટ આર્મીના કમાન્ડર જનરલ ઉમીત દોનદાર નવા કારોબારી લશ્કરી વડા બનાવવામાં આવ્યા છે. ધરપકડ કરવામાં આવેલા સૈનિકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. માર્યા ગયેલા લોકોમાં મોટાભાગના લોકો સામાન્ય લોકો છે. લશ્કરી બળવાના પ્રયાસને અર્દોગાને કાવતરા તરીકે ગણાવીને આની ઝાટકણી કાઢી છે. તુર્કીમાં સ્થિતિને સરળ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. બળવો કરનારને ભારે કિંમત ચૂકવવી પડશે. સરકારી મિડિયાના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અંકારામાં રાતભર બ્લાસ્ટ, હવાઈ સંઘર્ષ અને ગોળીબારનો દોર ચાલ્યો હતો. અંકારામાં હિંસામાં મોટી સંખ્યામાં લોકોના મોત થયા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ પણ થયા છે. તુર્કીમાં ઈન્સ્તાનબુલ વિમાનીમથકને બંધ કરી દેવામાં આવતા લોકો અટવાઈ પડ્યા હતા. તમામ ફ્લાઈટોને રદ કરી દેવામાં આવી હતી. અંકારામાં રાતભરમાં રક્તપાતનો દોર ચાલ્યો હતો. લશ્કરી બળવાના સંબંધમાં હજારો લોકોની ધરપકડ કરવામાં આવી છે. છેલ્લા એક દશકના ગાળામાં તુર્કીમાં ચાર વખત લશ્કરી બળવો કરવામાં આવ્યો છે અને સેનાએ સરકારને ઉથલાવી દીધી છે.

શ્રેષ્ઠ કામગીરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરિણામો, વધુ સારી કામગીરીને વળતર આપવું વગેરે અને (૪) આંતરિક સુરક્ષાનો સમાવેશ થાય છે. પૂંછી કમિશન ભલામણો પર પોતાનું મંતવ્ય રજુ કરતા પટેલે જણાવ્યું હતું કે તેમની સરકારે અસંખ્ય ભલામણો પર સંપૂર્ણ સંમતિ વ્યક્ત કરી છે. જો કે કેન્દ્ર સરકારે ગુજરાત સરકારના મંતવ્યો ધ્યાનમાં લેવા જોઈએ અને સહકારી સમવાયતંત્રનો લક્ષ્યાંક હાંસલ કરવા માટે જરૂરી પગલાં ભરવા જોઈએ. જેથી આપણું મહાન રાષ્ટ્ર વિશ્વમાં અનેક વિકસીત રાષ્ટ્રો અને ગતિશીલ દેશો પૈકીનું એક બને તેના માટે ઝડપી પ્રગતિ સાધે. મુખ્યમંત્રીએ આધાર કાર્ડના ઉપયોગની મહત્તા અંગે સ્પષ્ટપણે જણાવ્યું કે ગુજરાતમાં ૯૧.૨૬ ટકા પુખ્ત વયની વ્યક્તિઓ-યુવાઓની આધાર નોંધણી થઈ ગઈ છે. બાકી રહી ગયેલા પુખ્ત વયના વ્યક્તિઓ-યુવાઓ નાગરિકોની આવી નોંધણી માટે રાજ્ય સરકારે ૫૬૦ પરમેનેન્ટ એનરોલમેન્ટ સેન્ટર્સ-કાયમી નોંધણી કેન્દ્રો રાજયવ્યાપી કાર્યત કર્યા છે. તેમણે ઉમેર્યું કે રાજયના નાણાં વિભાગમાં ડાયરેકટ બેનિફીટ ટ્રાન્સફર સેલ આધાર નોંધણી-જોડાણ તેમજ લાભાર્થીના બેન્ક એકાઉન્ટમાં સીધા જ લાભ-સહાય જમા થાય તે હેતુથી કાર્યરત કરાયો છે. આનંદીબેને કહ્યું હતું કે કેન્દ્ર સરકારે ૩૧ માર્ચ ૨૦૧૭ સુધીમાં બધી જ સરકારી સબસીડી-લાભ લાભાર્થીના બેન્ક એકાઉન્ટમાં ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર ડી.બી.ટી. તહેત થાય તે માટેની જે સમયાવિધિ નિશ્ચિત કરી છે તેની સાથે કદમ મિલાવવા રાજ્ય સરકાર સંપૂર્ણ સજ્જ છે. મુખ્યમંત્રીએ ગુજરાતમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા માટેની અગત્યની યોજનાઓ ગુણોત્સવ, કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની વિસ્તૃત ભૂમિકા આપી હતી. તેમણે જણાવ્યું કે ઉચ્ચ શિક્ષણ-કોલેજ શિક્ષણ ક્ષેત્રની સરળ-સહજ અને પોષાય તેવી ઉપલબ્ધિ પર વિશેષ ઝોકથી શ્રેણીબદ્ધ નવા પગલાંઓએ પરિણામે સરકારી, ખાનગી તેમજ પી.પી.પી. ધોરણે નવી યુનિવર્સિટીઓ અને કોલેજો શરૂ થઈ છે.

વાઘણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સવારે તેનુ મોત નિપજયુ હતુ. સુત્રોના જણાંવ્યા પ્રમાણે ડો પ્રશાંત પંચલોટીયા , ડો અનિકેત પટેલ, તેમજ ડો સુરેશ સોની દ્વારા તેનુ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યુ હતુ. જેના લીધે તેનુ ઉંમર થવાના લીધે મોત નિપજયુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હોવાનુ જણાંવાયુ છે. દાયકા પુર્વે બે હાથી ત્યારબાદ એક સિંહ અને વાઘનુ પણ મોત નિપજયુ હતુ. જયારે આજે નિધીના મૃત્યુ બાદ હવે ગીર ફાઉન્ડેશન દ્વારા સેન્ટ્રલ ઝુ ઓથોરિટી ઓફ ઈન્ડીયાને જાણ કરી નવા વાઘ કે અન્ય પ્રાણીને રાજયના અન્ય ઝુ કે બહારના રાજયમાંથી લાવવા માટે ગતિવિધિઓ હાથ ધરાશે. છેલ્લા પાચ વર્ષમાં હરણો તેમજ મૃગ નુ પણ વિશેષ પ્રમાણમાં મૃત્યુ થયા છે. ત્યારે પ્રકૃતિ ઉદ્યાનમાં કાયમી ધોરણે પશુ ચિકિત્સક ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ભવ્ય સ્વાગત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. જ્યાં તેના પરિવારજનોએ ફુલહારથી સ્વાગત કર્યું હતું. વિરમગામ પહોંચ્યા બાદ હાર્દિક રામજી મંદિર દર્શન કરવા ગયો હતો. જે બાદ તે પોતાના ઘરે પહોંચ્યો હતો. વિરમગામના રસ્તા પર પણ તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિરમગામના ધારાસભ્ય તેજશ્રી પટેલ પણ તેને વધાવવા તેના ઘરે પહોંચ્યા હતા. શહેરના પૂર્વ વિસ્તારના વસ્ત્રાલ રીંગ રોડ પર આવેલા સ્વયંભુ મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલ નજીકના ચાર રસ્તા ખાતે મોડી સાંજથી જ લોકોના ટોળા હાર્દિકનું સ્વાગત કરવા આવી પહોંચ્યા હતા. હાર્દિકનું સ્વાગત કરવા માટે ૩ થી ૪ હજાર પાટીદારો ઉમટી પડ્યા હતા. વસ્ત્રાલ ખાતે હાર્દિક આવતા તેની આરતી ઉતારી, ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. તેની પાછળ ૫૦૦થી વધારે મોટર સાયકલ અને કારનો કાફલો હતો.

કોંગ્રેસી અગ્રણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શ્રીમતી આનંદીબહેને આ પૂર્વ પ્રજાપ્રતિનિધિના દિવંગત આત્માની શાશ્વત શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરી શોકસંતપ્ત પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીએ કાસમબાપુને શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું હતું કે કોંગ્રેસના પાયાના કાર્યકર અને ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતા કાસમબાપુના અવસાનથી માત્ર ગુજરાત જ નહીં, રાષ્ટ્રીય કોંગ્રેસને વણપુરાયેલી ખોટ પડી છે. તેમના આત્માને શાંતિ માટે સમગ્ર કોંગ્રેસના તમામ આગેવાનો તેમજ કાર્યકરોની પ્રાર્થના છે.

કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અહમદ પટેલે બાપુને અંજલિ આપતાં જણાવ્યું હતું કે પાટીના કપરાં સમયમાં પણ પાટીને વફાદાર એવા બાપુના હુલામણા નામથી જાણીતા કાસમ બાપુએ સ્વ. ઈન્દિરા ગાંધી અને સ્વ.રાજીવ ગાંધી સાથે નિકટનો નાતો જાળવ્યો હતો. પાટીનો વિસ્તાર કરવામાં તેમનો ફાળો બહુ મોટો હતો. તેઓ માત્ર લઘુમતિ જ નહીં, હિન્દુ સહિતના અન્ય ધર્મોના પ્રિય નેતા હતા અને તમામ પ્રસંગોમાં તેઓની હાજરી અવશ્ય જોવા મળતી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે કાસમ બાપુ મારા પિતાજી માધવસિંહ સોલંકીની કેબિનેટમાં હતા ત્યારે તેમણે ગુજરાતની જનતા માટે વિકાસના એવા કામો કર્યા હતા જેને આજદિન સુધી ગુજરાતની જનતા ભૂલી શકી નથી. કાયમ હસમુખો સ્વભાવ, મુલાકાતીની વાત સાંભળીને તેમના પ્રશ્નોનો નિકાલ કરવાની તેમની તત્પરતા આજે પણ લોકો યાદ કરે છે.

ગુજરાત વિધાનસભામાં વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ૧૯૮૦ અને ૧૯૮૫ની વિધાનસભાની ચૂંટણીમાં કાસમબાપુ વિજયી બન્યા પછી કોંગ્રેસની સરકારમાં તેઓ કેબિનેટ મંત્રી બન્યા હતા. તેમણે કોંગ્રેસના સંગઠનમાં પણ મહત્વનું યોગદાન આપીને કોંગ્રેસને પ્રત્યેક ચૂંટણીમાં વિજયી બનાવવાની ઉમદા કામગીરી કરી હતી.

કોંગ્રેસના ગુજરાતના પ્રભારી ગુરુદાસ કામત, કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલ, કોંગ્રેસના સિનિયર નેતા અર્જુન મોઢવાડિયા, કોંગ્રેસના મહામંત્રી નિશીત વ્યાસ સહિતના આગેવાનોએ સ્વ. બાપુને ભાવપૂર્વક અંજલી આપી છે. ગુજરાત કોંગ્રેસના આગેવાનો તેમની અંતિમ ક્રિયામાં ઉપસ્થિત રહ્યા હતા.

સહયોગી અભિગમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિવાદ, ચર્ચા અને મારફતે જ નિતી બને છે. જે જમીની વાસ્તવિકતાને ધ્યાનમાં રાખે છે. તેમણે કહ્યુ હતુ કે આંતરરાજ્ય મંચ એવી જગ્યા છે જેનો ઉપયોગ નિતીઓ બનાવવા અને તેને લાગુ કરવા માટે કરી શકાય છે. મોદીએ ગાળા દરમિયાન તેમના કેબિનેટ સાથી રાજનાથસિંહની પ્રશસા કરી હતી. વર્ષ ૨૦૦૬ બાદ આ બેઠક યોજાઈ શકી નહતી. રાજનાથસિંહે આની ફરી શરૂઆત કરી છે. તેમણે કહ્યુ હતુ કે કોઈ પણ સરકાર માટે માત્ર પોતાના દમ પર કોઈ યોજનાને સફળ બનાવવા માટે શક્ય નથી. રાજ્યોની સાથે નાણાંકીય સહકારની સાથે તાલમેલ જરૂરી છે. તેમણે કહ્યુ હતુ કે રાજ્યોની હિસ્સેદારીને વધારીને ૪૨ ટકા કરી દેવામાં આવી છે. રાજ્યો પાસે વધારે રકમ પહોંચી રહી છે. વર્ષ ૨૦૧૫માં જે રકમ મળી છે તે વર્ષ ૨૦૧૪ની તુલનામાં ૨૧ ટકા વધારે છે. પંચાયતોને ૧૪માં નાણ